# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-02-2025** **Midday: 1.20 TO 1.30**
**Day :TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સંસદમાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપશે.

2) સરકારે આજે સંસદમાં કહ્યું કે નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકાર ખેડૂતોની આવક વધારવા માટે પ્રતિબદ્ધ.

3) ભૂતાનના નરેશે પ્રયાગરાજના ત્રિવેણી સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી.

4) ગુજરાતમાં સમાન નાગરિક સંહિતાના અમલ માટે સરકારે પાંચ સભ્યોની કમિટીની રચના કરી.

5) અમેરિકામાં, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને બેન્જામિન નેતન્યાહૂ વચ્ચે આજે વોશિંગ્ટનમાં બેઠક મળશે.

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# RIJIJU- PM

સંસદીય બાબતોના કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સંસદના બંને ગૃહની સંયુક્ત બેઠકમાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પરની ચર્ચાનો લોકસભામાં જવાબ આપશે. ગઈકાલે લોકસભામાં આભાર પ્રસ્તાવ પર ચર્ચા શરૂ થઈ હતી. શ્રી મોદી સાંજે 5 વાગ્યે ગૃહમાં જવાબ આપે તેવી અપેક્ષા છે.

સોશિયલ મીડિયાના સંદેશમાં, શ્રી રિજિજુએ વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પર પણ પ્રહારો કરતાં કહ્યું કે તેઓ અનુસૂચિત જાતિ-SC, અનુસૂચિત જનજાતિ-ST અને અન્ય પછાત વર્ગ-OBC વિશે વાત કરતા રહે છે પરંતુ OBC સમુદાયના સૌથી મોટા ચહેરાને ઓળખવામાં નિષ્ફળ જાય છે, જે પ્રધાનમંત્રી મોદીનો ચહેરો છે.

**(બાઇટ - કિરેન રિજિજુ)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PAR- QUESTION/ZERO HOUR

સરકારે આજે કહ્યું કે નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકાર ખેડૂતોની આવક વધારવા માટે પ્રતિબદ્ધ છે.

લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતા, કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે 2019થી, સરકારે ઉત્પાદન ખર્ચ કરતાં 50 ટકા વધુ નફો રાખીને MSP દર નક્કી કર્યા છે.

મંત્રીએ કહ્યું કે સંતોષની વાત છે કે ભારત વિશ્વમાં નારિયેળના ઉત્પાદનમાં પ્રથમ નંબરનો દેશ બન્યો છે અને સરકાર નારિયેળને અસર કરતા રોગ પર નિયંત્રણ રાખવા માટે પૂરતા પગલાં લઈ રહી છે.

**(બાઇટ : શિવરાજસિંહ ચૌહાણ, કેન્દ્રીય મંત્રી)**

દરમિયાન રાજ્યસભામાં, ઉપસભાપતિ હરિવંશ નારાયણે મહાકુંભ ઘટના પર ચર્ચાની માંગણી કરતા કેટલાક વિપક્ષી સભ્યો દ્વારા રજૂ કરાયેલ સ્થગિત પ્રસ્તાવને ફગાવી દીધો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# BUDGET TEXTILES INDUSTRY

કેન્દ્રીય નાણાં મંત્રી દ્વારા પહેલી ફેબ્રુઆરી, 2025ના રોજ કેન્દ્રીય બજેટ 2025-26 રજૂ કરવામાં આવ્યું હતું. અંદાજપત્રમાં વર્ષ 2025-26 માટે કાપડ મંત્રાલય માટે રૂ. પાંચ હજાર 272 કરોડના ખર્ચની જાહેરાત કરવામાં આવી હતી. જે 2024-25 ના બજેટ અંદાજ કરતા 19 ટકાનો વધારો છે.

સ્થિર કપાસની ઉત્પાદકતાના પડકારોને પહોંચી વળવા માટે કેન્દ્રીય બજેટ 2025-26માં કપાસની ઉત્પાદકતા વધારવા માટે ખાસ કરીને એક્સ્ટ્રા-લોંગ સ્ટેપલ જાતો, પાંચ વર્ષના કોટન મિશનની જાહેરાત કરવામાં આવી છે.

એગ્રો-ટેક્સટાઇલ્સ, મેડિકલ ટેક્સટાઇલ્સ અને જીઓ ટેક્સટાઇલ્સ જેવી ટેકનિકલ ટેક્સટાઇલ પ્રોડક્ટ્સના સ્પર્ધાત્મક ભાવે સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે વધુ બે પ્રકારના શટલ-લેસ લૂમ્સ સંપૂર્ણપણે છૂટ મેળવેલા ટેક્સટાઇલ મશીનરીની યાદીમાં ઉમેરવામાં આવ્યા છે.

નવ ટેરિફ લાઇન દ્વારા આવરી લેવામાં આવેલા ગૂંથેલા કાપડ પરનો બેઝિક કસ્ટમ ડ્યૂટી દર "10 ટકા અથવા 20 ટકા"થી વધીને "20 ટકા અથવા રૂ. 115 પ્રતિ કિલો, બેમાંથી જે વધારે હોય તે" થશે, તેનાથી ભારતીય ગૂંથાયેલા કાપડ ઉત્પાદકોની સ્પર્ધાત્મકતામાં સુધારો થશે અને સસ્તી આયાત પર અંકુશ આવશે.

હસ્તકળાની નિકાસને સરળ બનાવવા માટે નિકાસ માટેનો સમયગાળો છ મહિનાથી વધારીને એક વર્ષ કરવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MAHAKUMBH BHUTAN NARESH

**(મ્યુજિક – મહાકુંભ)**

ભૂતાનના નરેશ જિગ્મે ખેસર નામગ્યાલ વાંગચુક પ્રયાગરાજના મહાકુંભ પહોંચ્યા છે. તેમણે ત્રિવેણી સંગમ પર પવિત્ર ડૂબકી લગાવી હતી. શ્રી વાંગચુક અક્ષયવટ અને બડે હનુમાન મંદિરના પણ દર્શન કરશે. દરમિયાન તેઓ ડિજિટલ મહાકુંભ અનુભવ કેન્દ્રમાં આધુનિક ટેકનિકના માધ્યમથી મહાકુંભના ઊંડાણનું પણ અન્વેષણ કરશે. આ પ્રસંગે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ ઉપસ્થિત રહેશે.

**(મ્યુજિક – મહાકુંભ)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MEA NURLAN VISIT

શાંઘાઈ સહકાર સંગઠન- SCOના મહાસચિવ નૂરલાન યેરમેકબાયેવ આજથી ચાર દિવસ ભારત પ્રવાસ નિમિત્તે નવી દિલ્હી પહોંચ્યા છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સોશિયલ મીડિયાના એક સંદેશમાં લખ્યું કે, તેમનો આ પ્રવાસ પ્રાદેશિક સહયોગ અને વેપાર તેમજ આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવામાં ભારતની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . .

# G KISHAN REDDY MEETING

કેન્દ્રીય કોલસા અને ખાણખનીજ મંત્રી જી. કિશન રેડ્ડી આજે નવી દિલ્હીમાં સાઉદી અરબના ઉદ્યોગ અને ખનીજ સંશાધન મંત્રી બાન્દેર બિન ઈબ્રાહિમ અલખોરાયફ સાથે વ્યૂહાત્મક બેઠક કરશે. ઉચ્ચસ્તરની ચર્ચામાં બંને દેશ વચ્ચે ખનીજ ક્ષેત્રમાં સહકાર વધારવા તેમજ રોકાણ માટેની તક શોધવા પર ધ્યાન કેન્દ્રિત કરાશે.

કેન્દ્રીય મંત્રીએ તાજેતરમાં રિયાધ ખાતે ફ્યૂચર મિનરલ્સ ફોરમ 2025માં મંત્રી સ્તરના ગોળમેજી સંમેલનમાં ભાગ લીધા બાદ આ બેઠક યોજાઈ રહી છે. આ સંમેલનમાં શ્રી રેડ્ડીએ ઊર્જા પરિવર્તન અને સ્વચ્છ ઊર્જા પ્રણાલિઓ માટે મહત્વના ખનીજને સલામત કરવાના ઉદ્દેશથી ભારતની પ્રતિબદ્ધતાને વ્યક્ત કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM WEVER BELGIUM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બાર્ટ ડે વેવરને બેલ્જિયમના પ્રધાનમંત્રી બનવા બદલ શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયાના એક સંદેશમાં શ્રી મોદીએ ભારત-બેલ્જિયમના સંબંધને વધુ મજબૂત કરવા તેમજ વૈશ્વિક બાબતો પર સહકાર વધારવા માટે સાથે મળીને કામ કરવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, બાર્ટ ડી વેવરે ગઈકાલે બેલ્જિયમ રાજમહેલમાં સમ્રાટ ફિલિપ સમક્ષ પ્રધાનમંત્રી તરીકે શપથગ્રહણ કર્યા હતા. ડી વેવરના સત્તાધારી ગઠબંધનના પાંચ દળ સામેલ છે. નવી સરકારના મુખ્ય કાર્યોમાં અંદાજપત્ર સુધારા, પ્રવાસીઓ મામલે કડક નીતિ અને આર્થિક પુનર્ગઠન પર ધ્યાન આપવા જેવા કામ સામેલ છે. જોકે, વેવર મંત્રીમંડળમાં લિંગ સમાનતા અંગે સવાલ ઉઠાવી રહ્યા છે. કારણ કે, 15 સભ્યના મંત્રીમંડળમાં માત્ર ત્રણ મહિલાઓને જ પ્રતિનિધિત્વ અપાયું છે. ઉપરાંત સરકાર સામે બેલ્જિયમના ભાષાકીય અને રાજકીય મતભેદોને ઉકેલવાનો પડકાર પણ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# GUJARAT UCC

ઉત્તરાખંડ બાદ હવે ગુજરાતમાં પણ સમાન નાગરીક સંહિતાના અમલની સરકારે તૈયારીઓ શરૂ કરી દીધી છે.. સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધિશ રંજના દેસાઇની અધ્યક્ષતામાં પાંચ સભ્યોની એક સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિ 45 દિવસમાં પોતાનો અહેવાલ સરકારને રજૂ કરશે. વિવિધ સમાજના અગ્રણીઓ ધાર્મિક અગ્રણીના અભિપ્રાય એકત્રિત કરીને પાંચ સભ્યોની સમિતિ પોતાનો અહેવાલ સરકાર સમક્ષ રજૂ કરશે .આ કમિટીના અન્ય સભ્યોમાં રાજ્યના નિવૃત્ત સનદી અધિકારી સી એસ મીના, સામાજીક કાર્યકર ગીતા શ્રોફ તેમજ આરસી કોડેકર તેમજ પૂર્વ વાઇસ ચાન્સેલર દક્ષેશ ઠાકરનો પણ આ સમિતિમાં સમાવેશ કરાયો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# TRUMP TARIFF DELAY

ચીને દેશમાં તૈયાર ચીજવસ્તુઓ પર ટેરિફ વધારવાના અમેરિકન સરકાર નિર્ણય સામે અમેરિકન ઉત્પાદનો પર ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. ચીનના વાણિજ્ય મંત્રાલયે અમેરિકાથી કોલસા અને લિક્વિફાઇડ નેચરલ ગેસની આયાત પર 15 ટકા વેરો લાદવાની જાહેરાત કરી છે. ક્રૂડ ઓઇલ, કૃષિયંત્રો, પિકઅપ ટ્રક અને મોટા એન્જિનવાળી કાર પર 10 ટકા ડ્યુટી લાદવામાં આવશે. ઉપરાંત ચીને અમેરિકન ટેક કંપની ગુગલ સામે તપાસ શરૂ કરવાની પણ જાહેરાત કરી છે.

અગાઉ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડા અને મેક્સિકોથી થનારી આયાત પરના ટેરિફને એક મહિના સુધી ટાળવાની જાહેરાત કરી. બંને પડોશી દેશ સરહદ સલામતી પ્રયાસોને મજબૂત બનાવવા સહમત થયા બાદ રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે આ જાહેરાત કરી. જોકે, ચીન સામેનો ટેરિફ વધારો આજથી અમલમાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# TRUMP-NETANYAHU MEET

અમેરિકામાં, રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઇસરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ આજે વોશિંગ્ટનમાં મળશે. આ વાટાઘાટો ઇઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધવિરામને લંબાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે, બંને પક્ષે બંધકોને મુક્ત કરવાની પ્રક્રિયા વચ્ચે બંને નેતાઓ ઇઝરાયલ-સાઉદી અરેબિયાના સંભવિત સંબંધો અને ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર પણ ચર્ચા કરશે.

નેતન્યાહૂ પર તેમના ગઠબંધન તરફથી યુદ્ધવિરામ સમાપ્ત કરવા અને ગાઝામાં લશ્કરી કાર્યવાહી ફરી શરૂ કરવા માટે દબાણ છે, જ્યારે ઘણા ઇઝરાયલીઓ ઇચ્છે છે કે બંધકોને મુક્ત કરવામાં આવે અને 15 મહિનાથી ચાલી રહેલા સંઘર્ષનો હવે અંત આવે.

નવેમ્બરમાં આંતરરાષ્ટ્રીય ફોજદારી અદાલતે તેમના ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાન અને હમાસના લશ્કરી વડા વિરુદ્ધ ધરપકડ વોરંટ જારી કર્યા પછી, નેતન્યાહૂનો ઇઝરાયલની બહારનો આ પહેલો પ્રવાસ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IMD WEATHER

રાજધાની દિલ્હીમાં આજે સવારે છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડ્યાં છે. હવામાન વિભાગે હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, પંજાબ અને પશ્ચિમ ઉત્તરપ્રદેશમાં આજે કેટલીક જગ્યાએ વીજળીના કડાકા અને ગર્જના સાથે વાવાઝોડું આવવાની સંભાવના વ્યક્ત કરી છે. આવી જ સ્થિતિ જમ્મુ, કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં પણ રહેવાની સંભાવના છે.

હવામાન વિભાગે આજે પશ્ચિમ બંગાળ, સિક્કિમ, ઓડિશા, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુરમાં હિમાલયની તળેટીમાં ચેતવણી આપી છે. હવામાન વિભાગે પશ્ચિમ-ઉત્તર ભારતમાં આગામી 2 દિવસ સુધી લઘુત્તમ તાપમાનમાં ધીમે-ધીમે 2 થી 3 ડિગ્રી સેલ્સિયસ વધવાની પણ શક્યતા વ્યક્ત કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IG BSF JAMMU FRONTIER

ભારતીય પોલીસ સેવાના હરિયાણા કેડરના અધિકારી શશાંક આનંદને જમ્મુ ફ્રન્ટીયર માટે સરહદ સલામતી દળના નવા મહાનિરીક્ષક તરીકે નિયુક્ત કરાયા છે. જમ્મુ ફ્રન્ટીયર જમ્મુથી કઠુઆ સુધીની આંતર-રાષ્ટ્રીય સરહદ સામેલ છે. તેમણે ઑક્ટોબર 2021થી મહાનિરીક્ષક રહેલા ડીકે બૂરાની જગ્યાએ આ પદભાર સંભાળ્યો.

ભારતીય પોલીસ સેવાની વર્ષ 2006ની બેચના અધિકારી શશાંક આનંદને આ વર્ષે જાન્યુઆરીમાં મહાનિરીક્ષક તરીકે બઢતી અપાઈ હતી. ઉલ્લેખનીય છે કે, સરહદ સુરક્ષા દળ પર કઠુઆથી અખનૂર સુધી 198 કિલોમીટર લાંબી આંતરરાષ્ટ્રીય સરહદની સલામતીની જવાબદારી છે. દળને નિયંત્રણ રેખા પર સેનાની સાથે બીજી સલામતી હરોળ તરીકે પણ તહેનાત કરાયું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .